ગાંધીનગર સમાચાર

તા. ૧૭-૩-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### વિકાસના નામે પર્યાવરણની પનોતી

ક્યારેક વિશ્વમાં હરિયાળાં શહેરોમાં મોખરાનું સ્થાન ધરાવતું ગાંધીનગર કાળક્રમે વિકાસની રેટ રેસમાં સામેલ થઇ ગયું એથી નગરવાસીઓને ગૌરવની લાગણી થઇ શકે પરંતુ પર્યાવરણનો સત્યાનાશ વળી રહ્યો છે તે જોઇને દુઃખ પણ થવું જોઇએ. કેટલાંય ગોકુળીયાં ગામડાં ભાંગને ગુજરાતના પાટનગરનું સર્જન થયું હતું. એ પૈકીનાં કેટલાંક ગામડાં તો આખેઆખાં શહેરના ઉદરમાં ઓરાઇ ગયાં છે અને જ્યાં લીલીછમ્મ ફસ લહેરાતી હતી તેવાં ખેતરોમાં સિમેન્ટ ક્રોક્રીંટનું જંગલ ઊભું થઇ ગયું છે. હરિયાળું પાટનગર બનાવવાની નેમ સાથે સરજાયેલું શહેર વૃક્ષોની લીલી ચાદર ઓઢીને ઊભું હોય એટલાં બધાં વૃક્ષો જંગલ ખાતાએ રોપ્યાં અને ઉછેર્યાં, જેને લીધે ગાંધીનગર એ ભારતનું સૌથી હરિયાળું શહેર ગણાવા માંડ્યું. પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદની સાથે હરિયાળીના મુદ્દે અને પંજાબ-હરિયાળાની રાજધાની ચંડીગઢ ધીરે ધીરે એનું ગ્રીન સ્ટેટસ ગુમાવી રહ્યું છે. જ્યાં જટાજૂટ જંગલ હતું ત્યાં આડેધડ વૃક્ષો કાપી નાખીને ઇમારતો ઊભી કરાઇ રહી છે. પરિણામે પર્યાવરણને જે નુકશાન પહોંચે છે એની તો કોઇને પરવા જ નથી. સરકાર એના વિકાસના મંત્રને વળગી રહે છે. પરંતુ એવો વિકાસ શા કામનો કે જે માણસના આરોગ્યને અને કુદરતી સંતુલનને જ જોખમાવી મૂકે! પાટનગરમાં ધુમાડો ઓક્તા વીજ કોઠાઓ સિવાય બીજું કોઇ જ પ્રદૂષણ નહોતું. પક્ષીઓ અને પ્રાણીઓથી કલબલતું હરિયાણું શહેર આખરે માનવીની વિકાસભૂખનો શિકાર બની જશે સચિવાલય અને સાબરમતી નદી વચ્ચેના ગાઢ જંગલ વિસ્તારમાં છેલ્લાં ઘણા વર્ષોથી કાગડા, બગલા, મોર અને ટિટોડી જેવાં પંખીઓનું આશ્રયસ્થાન છે તો વળી સાબરમતીનાં કોતરોમાં સાપથી માંડી નીલગાય સુધીના વન્યજીવો વસે છે. જંગલો કપાઇ જતાં એ તમામના અસ્તિત્વ સામે જ નહીં, ગાંધીનગરના ઉષ્ણતામાન મુદ્દે પણ જોખમ ઊભું થવાનું છે તે ન ભૂલીએ સેકટર-૧૮નાં ગાઢ જંગલ ઉખેડી નાખીને 'પુનિતવન' જેવો રમણીય બગીચો બનાવાય ત્યાં સુધી તો સમજી શકાય પરંતુ એક પછી એક તોતિંગ બિલ્ડિંગોની હારમાળા રચી મહામહેનતે ઉછેરેલી વનરાજિની બલિ ચઢાવી દેવાય તે બાબત ઘણી જ શોચનીય છે, જે અંગે સરકાર અને સમાજ - ઉભય પક્ષે સહચિંતન થવું જોઇએ અને સ્પષ્ટ નીતિ ઘડાવી જોઇએ. ઉમાશંકર જોષીના શબ્દો સાથે વાતને વિરામ આપીએ -

વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો: વનોની વનસ્પતિ...
જીવો અને જીવવા દો!

## પેથાપુર વાલીમંડળે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના પેથાપુરમાં ધોરણ-૧૦-૧૨ બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભ કામનાઓ પાઠવવામાં આવી હતી. પેથાપુર વાલી મંડળ દ્વારા પોતાના જીવનની બોર્ડ પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓને પેન અને ચોકલેટ આપવામાં આવી હતી. વાલી મંડળના પ્રમુખ વિનુસિંહ વાઘેલા, મંત્રી પોપટલાલ પ્રજાપતિ, નટુભાઈ દરજી, ગણપતસિંહ વાઘેલા, શૈલેષભાઈ પટ્ટણી ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મંડળના સભ્યોએ વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. પરીક્ષામાં શ્રેષ્ઠ માર્કસ મેળવી ઉજજવળ કારકિર્દી ઘડવા જણાવ્યુ હતુ.

# લવારપુર હાઈસ્કૂલમાં અદ્યતન સ્માર્ટરૂમ અને પ્રાર્થના હોલ બનાવાશે

### સ્માર્ટરૂમ-પ્રાર્થના હોલ માટે દાનની સરવાણી વહી : રૂ. ૬.૨૩ લાખનું દાન એકત્ર કરાયું

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મારક હાઈસ્કૂલમાં સ્માર્ટરૂમ અને પ્રાર્થના હોલ બનાવવા માટે દાતાઓ તરફથી રૂપિયા ૬.૨૩ લાખની માતબર રકમનું દાન એકઠું કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સંસ્થા દ્વારા અથાગ પ્રયત્નો હાથ ધરીને પ્રગતિના સોપાન સર કરવા બીડુ ઝડપવામાં આવ્યું છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

લવારપુરના પ્રકાશ કેળવણી મંડળ દ્વારા શિક્ષણની જ્યોતને વધુ પ્રજવલ્લિત કરવા સ્વામિનારાયણ દ્વિશતાબ્દી હાઈસ્કૂલમાં નવીન સ્માર્ટરૂમ અને પ્રાર્થનાહોલનું નિર્માણ કરવામાં આવનાર છે. આ કાર્ય માટે ગ્રામજનો દ્વારા દાનની સરવાણી વહાવવામાં આવી છે અને મંડળ દ્વારા કુલ રૂ. ૬,૨૩,૨૨૨નું દાન એકત્ર કરવામાં આવ્યું છે. આ કાર્ય માટે ગામના નટુભાઈ અને જયંતિભાઈ દ્વારા તેમના માતા-પિતા લક્ષ્મીબા તથા સ્વ. લાલભાઈ રણછોડદાસના સ્મરણાર્થે રૂ. ૧૧ લાખ, સ્વ. કેશાભાઈ જેસંગદાસ પટેલના સ્મરણાર્થે તેમના પુત્રો રાજુભાઈ અને ધીરજભાઈ દ્વારા રૂ. ૨,૫૧,૧૧૧, સ્વ. પુંજીબેન રણછોડદાસના સ્મરણાર્થે તેમના પુત્ર રમણભાઈ દ્વારા રૂ. ૨,૫૧,૧૧૧, સ્વ. હીરાબા બાબુભાઈના સ્મરણાર્થે તેમના પુત્રો રમેશભાઈ, કિરીટભાઈ, ગુણવંતભાઈ તથા જીગરભાઈ તરફથી સ્માર્ટરૂમ માટે રૂ. ૧ લાખ અને એનઆરઆઈ ડૉ. ગીતાબેન આર. પટેલ દ્વારા રૂ. ૨૧૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. તમામ દાતાઓનું મંડળ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાર્થના હોલ તથા સ્માર્ટરૂમ દ્વારા સંસ્થાના વિકાસ માટે કેળવણી મંડળના પ્રમુખ, મંત્રી, આચાર્ય અને શિક્ષણગણ ઉપરાંત ગામના અગ્રણી એનઆરઆઈ કેળવણીકાર રમણભાઈ પટેલ વગેરેએ પ્રયત્નો હાથ ધર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે આ શાળાને ધો. ૧૦ની બોર્ડની પરીક્ષાનું કેન્દ્ર પણ ફાળવવામાં આવ્યું છે.

# વિશ્વ રંગભૂમિ દિને શહેરમાં બે વિખ્યાત નાટકો ભજવાશે

### 'રંગબહાર' અને 'ભારતીય સાંસ્કૃતિક વિનિમય મંચ' દ્વારા આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના વિકાસનું પાટનગર, મહાનગર તે અમદાવાદ. તા. ૧૧-૫-૨૦૧૪ના રોજ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ ભારતીય સાંસ્કૃતિક વિનિમય મંચ કે જે ગુજરાતમાં ૭૫ વર્ષથી સક્રિય, સામાજીક-સાંસ્કૃતિક ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ એક મંચ હેઠળ સંગઠિત થઈ ઉપરોક્ત સંસ્થાની સ્થાપના કરી છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, પંજાબ, કેરલા તથા તામિલ વગેરે રાજ્યોની ભાષાઓના વિવિધ સંગઠન પ્રથમવાર એક મંચ પર એકત્રિત થયેલ છે. પરંપરાગત મંચીય કલા વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાના ધ્યેય સાથે સૌ પ્રથમવાર એક મંચ પર રાષ્ટ્રીય સાંસ્કૃતિક કૃતિઓનું આદાન-પ્રદાનનું આયોજન કરેલ છે. શ્રેષ્ઠ સાંસ્કૃતિક સોનેરી પ્રકરણો ઉમેરવાના ધ્યેય સાથે સૌ પ્રથમ કાર્યક્રમના ભાગરૂપે વિશ્વરંગ ભૂમિદિનની ઉજવણી દ્વારા રાષ્ટ્રીય નાટ્ય કૃતિઓને અમદાવાદના આંગણે મંચિત કરવાનું આયોજન કરેલ છે.

પ્રવર્તમાન રંગભૂમિના અધકચરા નાટકોના પ્રવાહ સામે શિષ્ટ સાહિત્યિક ઉત્કૃષ્ઠ નાટ્ય કૃતિઓને અમદાવાદને આંગણે પ્રસ્તુત કરવાનો ધ્યેય એક જ છે... ઉત્તમ નિર્માણ, કલાત્મક રજૂઆત, શ્રેષ્ઠ કાબેલિયતવાળા દિગ્દર્શક, કલાકાર અને કલાકસબીઓને ગુજરાત ખાતે આમંત્રિત કરી ગુજરાતની રંગભૂમિને રાષ્ટ્રીયસ્તરે સ્પર્ધાત્મક દોડમાં સામેલ કરવાનો છે.

સાંપ્રત આધુનિક સમાજમાં સંબંધોના બદલાતા મૂલ્યો સાથે 'અંગત સ્વતંત્રતા'ને અકબંધ રાખવાના સંદેશ સાથે 'ખ્વાહિશે' નાટક પ્રથમવાર અમદાવાદમાં રજુ થશે. દિગ્દર્શક પ્રો. શ્રી મૃત્યુંજય પ્રભાકર સિદ્ધહસ્ત લેખક તથા સર્જનાત્મક દિગ્દર્શક તરીકે બંગાળના વિશ્વ પ્રસિદ્ધ શાંતિનિકેતન વિશ્વ વિદ્યાલયમાં નાટ્ય વિભાગના વડા તરીકે પ્રતિષ્ઠિત છે. જબલપુરની રાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત 'સમાગમ રંગ મંડળ' ના દિગ્દર્શક પ્રો. આશિષ પાઠક તાજેતરમાં જ રાજકોટ ખાતે 'સરાય' નાટક ભજવી એક ઉત્તમ કૃતિ માણ્યાનો રાજકોટવાસી રંગભૂમિ પ્રિય પ્રેક્ષકોનો પ્રેમ તાળીઓના વાવાઝોડા વચ્ચે મેળવી ચૂક્યા છે. લોકજીવનના સામાજીક પ્રશ્નો માન્યતાઓ અને આસ્થાનું નાટક કેટલું ગજુ કાઢે છે તે તો નાટક જોયા પછી પ્રેક્ષકોએ ન્યાય તાળવાનો છે. રંગ બહાર સંસ્થાએ ભૂતકાળમાં 'રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ'નું ખુબજ સફળતાપૂર્વક આયોજન કરેલ છે. આજે પણ ૧૯૮૦ થી આજ સુધી અમદાવાદના આંગણે પ્રસ્તુત નાટ્યકૃતિઓને યાદ કરી પ્રેક્ષકો રોમાંચ અનુભવી રહ્યા છે.

સારા નટાકો, ઉત્તમ સાહિત્ય કૃતિઓ, સર્જનાત્મક નાટ્ય કલા પ્રદર્શન તથા ઉત્તમ કલાકારો દ્વારા અભિનયના અજવાળા ઝીલવા સુજ્ઞ પ્રેક્ષકોને વિશ્વ રંગભૂમિ દિનની ઉજવણીમાં હાજરી આપવા સૌ કોઈને રસિક મિત્રોને હાર્દિક આમંત્રણ છે.

## પદ્મશ્રી ડૉ. તેજસ પટેલનું અમદાવાદમાં મુખ્યમંત્રી દ્વારા સન્માન

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે તબીબી વ્યવસાયને કારકિર્દી ઘડતર અને વ્યવસાયિક ક્ષેત્ર ઉપરાંત સમાજ સેવાદાયિત્વ અને જરૂરતમંદોની સહાયતા માટે ઉપયોગ કરનારા તબીબોને આધુનિક યુગના ઋષિમુની ગણાવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આજે અદાણી ફાઉન્ડેશનાન ઉપક્રમે પદ્મશ્રી ડૉ. તેજસ પટેલનું અમદાવાદમાં સન્માન અભિવાદન કર્યું હતું. તબીબી જગતના વરિષ્ઠ તજજ્ઞ તબીબો તેમજ અગ્રગણ્ય ઉદ્યોગ સંચાલક, વરિષ્ઠ નાગરિકો તથા આમંત્રિતો સન્માન અવસરે ઉપસ્થિત રહ્યા હતા. પદ્મશ્રી ડૉ. તેજસ પટેલે ગુજરાતની તબીબી જગતની ખ્યાતિ પોતાની તજજ્ઞતાથી વિશ્વસ્તરે પ્રસરાવી છે અને કેન્દ્ર સરકારે પણ તેમના આ યોગદાનની સરાહના કરતા પદ્મશ્રીથી તેમને નવાજયા છે તે આપણા સહુ માટે ગૌરવરૂપ છે. ગુજરાતમાં સૌના આરોગ્યની ચિંતા રાખતી સરકારે આરોગ્ય સેવાઓના બજેટમાં માતબર વધારો કર્યો છે. રાજયના પ્રત્યેક બાળકના આરોગ્યની સારસંભાળ માટે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ રાજયવ્યાપી બનાવ્યો, એટલું જ નહીં મુખ્યમંત્રી અમૃતમ 'મા' વાત્સલ્ય યોજનામાં રૂ. બે લાખ સુધીનું આરોગ્ય સુરક્ષા કવચ પણ રાજય સરકાર જરૂરતમંદોને પુરું પાડે છે.

## હરિની દૃષ્ટિ...



વત્સ, મે કેવી ઘોર તપસ્યા કરી છે તે કહું..., સતત ત્રણ વર્ષ મે ફેસબુક, વોટ્સએપ.. મોબાઇલ ઇન્ટરનેટ વગર વીતાવ્યા પછી મને જ્ઞાન થયું... !!

# દલિત સાહિત્ય ગૌરવ એવોર્ડ એનાયત કરાયો

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદનો એવોર્ડ



વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં વર્ષ ૨૦૧૫નો સ્વ. અનંતકુમાર નટુભાઈ પરમાર દલિત સાહિત્ય ગૌરવ એવોર્ડ શ્રીમતી ચંદ્રિકા શ્રીમાળીને એનાયત કરવામાં આવ્યો છે.

ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી અમદાવાદ દ્વારા સ્વ. અનંતકુમાર નટુભાઈ પરમાર દલિત સાહિત્ય ગૌરવ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. ત્યારે આ એવોર્ડ ગુજરાતના મહિલાઓ માટે સતત પ્રયત્નશીલ અને પૂર્વ ધારાસભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન શ્રીમાળીને એનાયત કરવામાં આવ્યો છે. શ્રીમતિ શ્રીમાળીને સ્મૃતિચિન્હ, શાલ, પ્રમાણપત્ર અને રૂપિયા ૫૦૦૦ રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

## સરસ્વતી શિશુ વાટિકાનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૨૨ સ્થિત સરસ્વતી શિશુવાટિકા અને પ્રાથમિક વિભાગનો વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો હતો. શાળાના ભુલકાઓએ શિક્ષણની સાથે શિખેલી સુંદર કૃતિઓ રજુ કરી હતી.

ગાંધીનગરના સેક્ટર-૨૨ સ્થિત અને વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી સરસ્વતી શિશુ વાટિકા અને પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે સુધાબેન પટેલે ઉપસ્થિત રહી દીપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

વાર્ષિકોત્સવમાં શિશુ વાટિકાના ભુલકાઓએ પોતાની ક્ષમતા મુજબ છૈયા છૈયા... કર્યા હતા. તેમજ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ ગુજરાતી ઓળખ સમા ગરબા રજુ કર્યા હતા. અવનવી સ્ટાઈલમાં ગરબે ગુમીને ઉપસ્થિત સૌને દંગ કર્યા હતા.

ત્યારે વાર્ષિકોત્સવ દરમિયાન ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની સાથે સાથે વિદ્યાબેન પસારીએ સંસ્થાનો પરિચય કરાવી સંસ્થામાં કરવામાં આવતી વિવિધ કાર્યોની માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન જસ્મી રોક અને વર્ષા બિહોલાએ કર્યું હતું.

## "દર્શક" ફાઉન્ડેશનનો એવોર્ડ સમારોહ યોજાશે

શ્રી મનુભાઈ પંચોળી-દર્શક ફાઉન્ડેશન શિક્ષણ, સાહિત્ય અને ગામ પુનરુત્થાન ક્ષેત્રે કાર્યશીલ પ્રતિભાઓને એવોર્ડ આપવાનું કાર્ય કરે છે. આગામી ૨૨ માર્ચના રોજ વિવિધ પ્રતિભાઓને એવોર્ડ એનાયત કરવામાં આવશે.

ચોટીલા પાસેના ઢેઢુકી લોકમિત્રા ખાતે સવારે ૧૦.૩૦ વાગે વિદ્યાપીઠના અગ્રણી અને કેળવણીકાર નાગજીભાઈ દેસાઈના પ્રમુખપદે દર્શક ફાઉન્ડેશનનો એવોર્ડ સમારોહ યોજાશે. જેમાં 'લોકમિત્રા'ના પ્રયોગશીલ કેળવણીકાર ચૈતન્ય ભટ્ટને ૨૦૧૪નો શિક્ષણ એવોર્ડ સાથે રૂપિયા એક લાખ રાશિ અને તામ્રપત્ર આપવામાં આવશે.

# બાળકોને બોર્ડની પરીક્ષામાં મહેનત ચોક્કસ કરાવીએ પણ તેના મનોબળને એટલું દૃઢ બનાવીએ કે તે જીવનની પરીક્ષા સમયે નાસીપાસ કે હતાશ ન થાય!




માર્ચ મહિનાની શરૂઆત સાથે જ વાતાવરણમાં ફેરફાર દેખાવા લાગે છે. જો કે, છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં અચાનક અવનવા ફેરફારો આપણે સૌ જોઇ અને અનુભવી રહ્યા છીએ. પણ વાતાવરણના ફેરફારો ઉપરાંત માર્ચ મહિનો એટલે વર્ષભરના હિસાબ-કિતાબનો પણ મહિનો! જમા-ઉધાર સર્વેની ગણતરી કરી સૌ-કોઇ પોતપોતાના આર્થિક એજન્ડાને અત્યારે ગંભીરતાપૂર્વક ચકાસતા જોવા મળે છે! તો વળી, બોર્ડની પરીક્ષાઓ આપનાર વિદ્યાર્થી ભાઇ-બહેનો અભ્યાસમાં વ્યસ્ત જણાય છે! વિદ્યાર્થીઓમાં બોર્ડની પરીક્ષાઓ જાણે જીવનની અંતિમ પરીક્ષા હોય તે રીતે કેટલાક બાળકોની માનસિક અવસ્થામાં જોવા મળે છે. જો કે, આપણે સૌ જાણીએ જ છીએ કે જીવન પોતે જ એક પરીક્ષા સમાન હોય છે અને દરેક વ્યક્તિને જીવનના વિવિધ તબક્કે કોઇને કોઇ પ્રકારે કસોટી કે સંઘર્ષનો સામનો કરવો પડતો જ હોય છે! આ પરીક્ષામાં તો અભ્યાસક્રમ પણ હોય અને અગાઉથી આપણને કઇ પરીક્ષા છે તેની જાણ પણ હોય છે પરંતુ, જીવનરૂપી પરીક્ષામાં ન તો કોઇ જાણ કરવામાં આવે છે અને ન કોઇ 'કોપી'ની શક્યતા છે! તેમાં તો તેની સામે વ્યક્તિએ જાતે જ તેની સામે લડવં કે ઝઝૂમવું પડે છે! નાનપણમાં ભણેલી શાયર શ્રી 'અમૃત ઘાયલ'ની કવિતાનો મર્મ હવે આપણને ખરા અર્થમાં સમજાય છે :

"રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મુંઝાઇ મનમાં, મરી જવાના!
છો ને ફર્યા, નથી કંઇ દીથી ડરી જવાના,
એ શું કરી શક્યા છે, એ શું કરી જવાના.
સ્વયં વિકાસ છીએ, સ્વયં વિનાશ છીએ,
સ્વયં ખીલી જવાના, સ્વયં ખરી જવાના."

આપણે ખરા અર્થમાં શિક્ષણના મહત્ત્વને સમજી જ શક્યા નથી! પુસ્તકોનું જ્ઞાન કે ગોખણીયા જવાબો લખવા માત્રથી માણસ 'જ્ઞાની' ન કહેવાઇ શકે! અજ્ઞાની માણસ એટલે અશિક્ષિત નહિ પરંતુ જે વ્યક્તિ પોતાની જાતને ઓળખતો નથી તે! શિક્ષિત માણસ પણ પોતાની જાતને સમજવા પુસ્તકો કે અન્ય જ્ઞાન પર અવલંબન રાખતો હોય તો તે શિક્ષિત હવા છતાં મૂઢ ગણાય. આજના સમયમાં આપણે બાળકોને ઓછામાં ઓછું ઘર્ષણ હોય એવું કોઇ આરામદાયક કાર્ય કરવા જ પ્રોત્સાહિત કર્યા કરીએ છીએ. જીવનનો, ઘર્ષણનો ને નવા અનુભવોનો આ ભય, આપણી સાહસવૃત્તિને વિકસવા જ દેતો નથી. અને પરિણામે આપણો વિકાસ કંઇક એ પ્રકારે થાય કે છે આપણી જીવનપદ્ધતિમાં રૂઢીગત પરંપરાથી વિરુદ્ધનો વિચાર કરવાં આપણે ડરીએ છીએ! તત્ત્વચિંતક અને શિક્ષણવિદ્ એવા શ્રી જે. કૃષ્ણમૂર્તિ લખે છે તેમ,

"જીવનમાં રહસ્ય શું? આપણે શા માટે જીવીએ છીએ અને મથીએ છીએ? ફક્ત નામના મેળવવા કે સારી નોકરી મેળવવા, વધારે કુશળ બનવા કે બીજાઓ પર વધારે અધિકાર ભોગવવા જ જો આપણને કેળવણી અપાતી હોય તો આપણું જીવન છીંછરું અને અથવિહોણું જ બનશે. માટે જયા સુધી શિક્ષણમાં વિકાસ અને અખંડ જીવનની સમગ્ર દૃષ્ટિ ન આવે ત્યાં સુધી એવા શિક્ષણનો ઝાઝો અર્થ પણ નથી." આપણામાં સાહસવૃત્તિ ન હોવાને કારણે જ પુસ્તકોના ભાર હેઠળ દબાયેલું બાળપણ અને પોતાની જાતને સાબિત કરવાની 'રેટ રેસ'માં આપણે અજાણતાં જ મને-કમને જોડાઇ જઇએ છીએ. અને આમ કરવામાં જો નાની એવી ઠોકર પણ વાગે તો તેને સહન કરવાની ધીરજ કે હિંમત આપણામાં હોતી નથી પરિણામે, Stress અને Frustration (સ્ટ્રેસ અને ફ્સ્ટ્રેશન) નો ભાગ બનતા યુવાવર્ગને આપણે જોયો જ છે. પલાયનવૃત્તિના જન્મ સાથે જ તેમનામાં આત્મવિશ્વાસનો લોપ થઇ ગયો હોય તેમ જણાય છે.

આજે આપણા અર્થતંત્રમાં એવો સમય આવી ગયો છે કે ખેડૂત કે જે સમગ્ર રાષ્ટ્રનો અન્નદાતા છે તે ગરીબ હોય છે, ધર્મગુરુઓ, સાધુ સંતો, સરકાર, કાયદા-કોર્ટો, દુકાળ આ બધા જ એમને ડરાવે છે. તેઓ જયાં જાય ત્યાં ડરાવનારા લોકો તેમનું શોષણ કરે છે. અમુક વિધિ કરાવવાથી કે અમુક પૂજા-પાઠ કરવાથી ગ્રહોની સ્થિતિમાં ફેરફાર થાય છે એવું કહીને ઘરમાં ખાવાનું પણ ન હોય તેવા લોકોને અન્ય વધુ ચાલાક અને છેતરનારા લોકો કોઇને કોઇ બહાને લૂંટી લે છે. આપણા સામાન્ય સ્વભાવ અનુસાર આપણે પણ નાના માણસો એટલે કે શાકવાળા કે ફળફળાદિ વેચનારા લોકો સાથે ૫-૧૦ રૂપિયા માટે ખાસ્સી રકઝક કરતા જ હોઇએ છીએ અને મોલમાંથી કપડાં, ચપ્પલો અને મોજશોખની વસ્તુઓ પાછળ પુષ્કળ ખર્ચ કરીએ છીએ અને ત્યારે આપણે પૈસા ચૂકવવા બાબતે જરા પણ રકઝક કરી શકતા નથી! ગરીબોનો બેલી આજે કોઇ નથી. અને આ પરિસ્થિતિમાં એક કરિયર એ છે કે આપણે સ્વેચ્છાપૂર્વક ગરીબીને સ્વીકારીએ. આપણી તાકાત છતાં પૈસા કમાવાની રેસમાં ન જોડાઇએ અને ગરીબાઇનાં કષ્ટો વેઠીએ તો આ દેશનો ઉદ્ધાર કરી શકીએ. સ્વરાજયનો અર્થ ગોરા અમલદારોને બદલે દેશી અમલદારો નિમાય એ નથી, પણ ભણેલા લોકો ગરીબોની સેવા કરતાં થાય એ છે, નહીં તો પરરાજય અને સ્વરાજયનો ભેદ શો? કાકાસાહેબ કાલેલકર કહે છે તેમ,

"જેમને ઉચ્ચ કેળવણી મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તેવા વિદ્યાર્થીઓને કહું છું કે શહેરમાં જાઓ ત્યાં તમારી સાથે ગામડાની સાદગી અને તેજસ્વિતા લઇ જાઓ. ગામડાનો ચેપ શહેરને લગાડવા જજો. શહેરનો ચેપ નહીં, શહેરના સારા સંસ્કારો અહીં લાવો અને ગામડામાં પણ ફેલાવો." નાના વિદ્યાર્થીઓ માટે તેમણે કહ્યું છે કે, "ખૂબ તોફાન કરો, ખૂબ અખતરા કરો, ટાઢ-તાપમાં ફરો, જંગલ અને પાણી સાથે દોસ્તી કરો અને શરીરને કસો અને મજબૂત બનાવો."

તેમણે વધુમાં પણ કહ્યું છે કે,

"ખૂબ મહેનત કરતાં શીખજો. નવરાશ એ શરીરનો કાટ છે શરીર અને બુદ્ધિને કસરત આપતા રહેજો. ખૂબ મુસાફરી કરો અને દેશને જાણો. ગરીબી અને દીનદુનિખાનું ઉપરાણું લેવાની શક્તિ મેળવો."

દરેક બાળક એક નવા આગંતુક સ્વરૂપે આ પૃથ્વી પર આવે છે દરેકને પોતાની આગવી સૂઝ, ગમા-અણગમા હોઇ શકે અને દરેકનો હક છે પોતાના સ્વભાવ અને રૂચિ મુજબનું ક્ષેત્ર પસંદ કરવું તે! માટે માતા-પિતા કે શિક્ષકોએ માત્ર પથદર્શક અન સખાભાવે તેમની આ રાહના સાક્ષી બનવાનું હોય છે. ઘણીવાર બાળપણમાં બનેલી નાની-નાની ઘટનાઓ બાળકના મનમાં ખૂબ ખરાબ રીતે પ્રસ્થાપિત થઇ જવાને કારણે વ્યક્તિ તરીકેને તેનો વિકાસ રૂંધાઇ જ જતો હોય છે! બાળવાર્તાકાર અને બાળકો માટે ઘણું સાહિત્ય રચનાર ગિજુભાઇ બધેકા પોતાના એક અનુભવ વિશે લખે છે કે,

"મને અંકગણિત નથી ગમતું, મૂળમાં રહેલું કારણ યાદ કરવા વિચાર્યું ત્યારે જાણ થઇ કે બીજા ધોરણમાં શિક્ષક પાટીયા પર દાખલો શીખવતા હતા અને એક છોકરો ઝોંકે ચડી ગયો ને શિક્ષકે ચાકનો ઘા કર્યો. એ છોકરો તે હું. ચાક મને લાગ્યો. અક્ષરગણિત અને ભૂમિતિ મને પ્રિય છે; પણ શિક્ષકે જ મને અંકગણિતનો દ્વેષ્ટા બનાવ્યો છે." એટલે આપણે સૌ પણ વિચારીએ તો જાણ થશે કે આપણી અત્યારની પસંદગી-નાપસંદગી પાછળ નાનપણના કેવા-કેવા કડવા-મીઠા અનુભવો હશે, તે આપણે શોધવા જોઇએ. આપણે અત્યારે છીએ તેના મૂળ નાનપણમાં છે. નાનપણમાં આપણે બંધાઇએ છીએ. બાળકોને કડવા-મીઠા અનુભવો કરાવીએ તે પહેલાં ચોક્કસપણે વિચારીએ કે તેની કેવી દૃઢ અસર છેક અંત સુધી રહી જાય છે - માટે ભણવા ઉપરાંત તેમનું વ્યક્તિત્વ વિકસાવીએ અને એક સારા નાગરિક તરીકે તેમનું ઘડતર થાય તે વધુ ઉચિત ગણાશે! બાળકોને બોર્ડની પરીક્ષામાં મહેનત ચોક્કસ કરાવીએ પણ તેના મનોબળને એટલું દૃઢ બનાવીએ કે તે જીવનની પરીક્ષા સમયે નાસીપાસ કે હતાશ ન થાય!